# આજે વિશ્વ ચા દિવસ ઉજવાશે

## ગાંધીનગરમાં ૪૦ થી વધુ ટી સેન્ટરો જેમાં શહેરીજનો દૈનિક ૬૦ થી ૭૦ રૂપિયાનો ખર્ચ કરે છે : બાબારી, ચાઈજી, ટી પોસ્ટ, ખોપચા, ખેતલાપા, અપના અડ્ડા શહેરમાં પ્રખ્યાત ટી સેન્ટરો



ગાંધીનગર, તા. ૨૦

આજે ૨૧ મે આંતરરાષ્ટ્રીય ચા દિવસ... ગાંધીનગરાઓ માટે ચા જ તેમની ચ્હા છે. પાણી પછી બીજા નંબરે પીવાતું પીણું ચા છે એટલે તે ખાસ તો હોવાની જ ભલે કોફી, કોક, સોટ્સ ઘણું પીણાના ટ્રેન્ડ લિસ્ટમાં ઉતરાતુ જતું પરંતુ ચા નું પ્રથમ સ્થાન હજી સુધી કોઈ જુટવી શક્યું નથી. જેની સવાર જ કડક મીઠી અને કટીંગથી પડતી હોય તેવા ગાંધીનગરાઓ રોજના ચા પાછળ ૬૦ થી ૭૦ રૂપિયાનો ખર્ચ કરે છે. લારી પર કટિંગમાંથી પણ અડધી કરેલી ચા ને આગ્રહ કરીને મિત્રને પીવડાવવાનો ટ્રેન્ડ આજે પણ એકદમ ફ્રેશ છે. કેટલીક મુલાકાતો ચા થી જ શરૂ થાય છે. ચોમાસાની મોસમમાં ચા પીવાની કંઈક અલગ જ મજા હોય છે. એક કપથી દિલ જીતી લેવાની વાત એટલે ચા ! કહેવાય છે કે જેની ચા બગડી એનો દિવસ બગડ્યો! સવારે અને સાંજે દિવસમાં બે વાર તો ચા જોઈએ જ એવું મોટા ભાગના લોકોને કહેતા સાંભળ્યા જ હશે. આજકાલ ચા ના વ્યસની માણસોની સંખ્યા વધતી જાય છે જેમાં ચા ન મળે તો દિવસ આખો ખરાબ જાય તેમ માને છે.

દુનિયામાં કેટલાય પીણા હોય પણ ચા જેવું ક્યાંય મળે નહી. જ્યારે બધાજ પીણા સિઝન પ્રમાણે પીવાતા હોય પણ ચા જ એક એવું પીણું છે જે સવાર ઉઠીને સાંજ પડે એટલે જોઈએ જ. ચા અને વ્યવહાર એ બંને એકબીજાના પર્યાય બનાવી દેવા જોઈએ કારણ કે જ્યારે કોઈ વ્યવહાર થતો હોય તે સમયે જે મહત્વ ચા નું હોય છે એ મહત્વ કદાચ બીજું કોઈ પુરૂ કરી નથી શકતું. જ્યારે એકલા હોય ત્યારે ચા, જ્યારે કોઈકની સાથે હોય તો ચા, જ્યારે લગ્નની વાત મંડાણી હોય એટલે વ્યવહાર ચા થી જ થાય અને અંતે મૃત્યુ ટાણે સંબંધ સાચવવા હોય તો પણ ચા ઉપયોગી બને છે. કદાચ માણસની જિંદગીમાં ચા નું મહત્વ ના હોય તો તે કંઈક અલગ જ મૂડથી જીવતો હોય છે. લોકો કોફી પીવા માટે પૈસા ખર્ચે છે અને શાંતિ શોધે છે પણ અસલી મજા તો દસ રૂપિયાની ચા માં જ હોય છે.

### ગાંધીનગરમાં ૪૦ થી વધુ ચા સેન્ટર

શહેરમાં ચા ના રશિયાઓ માટે વિવિધ જગ્યાઓ પર નાના-મોટા ચા ના સેન્ટરો બનાવાયા છે. જેમાં મિત્રો અને પરિવાર સાથે ચા ની મોજ માણતા શહેરીજનો કલાકો સુધી બેઠક માણતા જોવા મળે છે. જેમાં શહેરમાં બાબારી ટી સેન્ટર, ખોપચા ટી સેન્ટર, ખેતલાપા ટી સેન્ટર, અપના અડ્ડા, ટી-પોસ્ટ, ચાઈજી પ્રખ્યાત ટી સેન્ટરોમાંના એક ગણાય છે. દરેક સેન્ટરમાં ચા નો સ્વાદ અલગ છે. ગાંધીનગરમાં કોફી સેન્ટરો નથી ચાલતા એટલે જ અહીંયા સીસીડી ક્યાંય જોવા મળતું નથી.

# આજથી બહુપ્રતિક્ષિત ગુજરાતી ફિલ્મ “મૃગતૃષ્ણા” સિનેમાઘરોમાં રિલીઝ

### ફિલ્મના લેખક- દિગ્દર્શક અમદાવાદ સ્થિત ડો. દર્શન અશ્વિન ત્રિવેદી છે : અનેક આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મની પસંદગી



ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતી ફિચર ફિલ્મ “મૃગતૃષ્ણા” હવે સિનેમાઘરોમાં આવી ગઈ છે. અમદાવાદ સ્થિત લેખક-દિગ્દર્શક ડૉ. દર્શન અશ્વિન ત્રિવેદીની બહુપ્રતિક્ષિત ગુજરાતી ફિચર ફિલ્મ મૃગતૃષ્ણા (ધ અધર સાઈડ ઑફ ધ રિવર), તા.૨૦ મે, ૨૦૨૨ના રોજ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ મૃણાલ કાપડિયા અને ડૉ. દેવદત્ત કાપડિયા દ્વારા નિર્મિત અને બુર્ઝિન ઉનવાલા, નિશિથ મહેતા અને ડૉ. દર્શન અશ્વિન ત્રિવેદી દ્વારા સહ-નિર્મિત છે.

આ ફિલ્મ ચાર બાળકો વિશે છે જે નદીના કિનારે રહે છે. નદી પાર કરવાનું તેમનું સ્વપ્ન છે. લાંબી અને દુ:ખદાયક રોગચાળા પછી, તે આશા અને સપનાનો સંદેશ લાવે છે. આ ફિલ્મનું શૂટિંગ પોલો ફોરેસ્ટ, હાંફેશ્વર અને વરસોડાની હવેલીના રમણીય સ્થળોએ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં જયેશ મોરે, આર્ય સાગર, નિષ્મા સોની, કરણ પટેલ, ખુશ તાહિલરામણી, વિશાલ શાહ, રાગી જાની, નિર્મિત વૈષ્ણવ, શર્વરી જોશી અને ભરત ઠક્કર છે. ફિલ્મના ડાયલોગ અંકિત ગોર અને ગૌરાંગ આનંદે લખ્યા છે. મૃગતૃષ્ણાનું સંગીત નિશિથ મહેતાએ ડિરેક્ટ કર્યું છે. ફિલ્મના સિનેમેટોગ્રાફર અનિલ ચંદેલ છે. ફિલ્મના એડિટર અને વીએફએક્સ ડિરેક્ટર બુર્ઝિન ઉનવાલા છે. આ ફિલ્મમાં એક ગીત છે જે વિશ્વ વિખ્યાત લોક કલાકાર સૌરવ મોની દ્વારા ગાયું છે અને તુષાર શુક્લા દ્વારા લખવામાં આવ્યું છે. ઈરાનમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ચિલ્ડ્રન એન્ડ યુથમાં મૃગતૃષ્ણાએ બેસ્ટ સ્ક્રીનપ્લેનો એવોર્ડ જીત્યો છે.



ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા ખૂબ વકરી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રખડતા ઢોરોને પકડવાની કામગીરી શરૂ કરાઈ છે પરંતુ તે સફળ થતી નથી કારણ કે મનપાની ટીમ જ્યારે ઢોર પકડવા આવે ત્યારે પશુપાલકો ઢોરોને હંકારીને દૂર ભગાવી દે છે. રસ્તામાં ગમે તેમ ભાગતા પશુઓ ક્યારેક અકસ્માતનુ કારણ બની શકે છે.



મોર બની થનગાટ કરે .... શહેરમાં પુનિતવન ખાતે મોર અને ઢેલના ખૂબ સુંદર દ્રશ્યો જોવા મળી રહ્યા છે. મોર સુંદર કળા કરીને ઢેલને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે.



કાળઝાળ ગરમીમાં એસ.ટી. બસ સ્ટેન્ડ પર મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા છે. બસ સ્ટેન્ડના પંખાઓ બંધ હોવાથી મુસાફરો ગરમીથી ત્રસ્ત બન્યા છે. માનસિક રીતે અસ્વસ્થ હોય તેવા વ્યક્તિઓ અને આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતા વ્યક્તિઓ અહીં આવીને પંખાની નીચે સુઈ રહેતા હોવાથી બસસ્ટેન્ડના પંખા બંધ કરી દેવાયા છે.

# ગણિતને સરળતાથી સમજવા અંગે બાયસેગ ખાતે નિ:શુલ્ક વર્કશોપનું આયોજન

### ઓએનજીસીના નિવૃત્ત અધિકારી અને જાણિતા ગણિતજ્ઞ ચંચલ દાસ વિદ્યાર્થીઓને એમએસ એક્સલના માધ્યમથી વિના મૂલ્યે ગણિત શીખવાડશે

ગાંધીનગર તા.૨૦

ગાંધીનગરના ચ-૦ સર્કલ પાસેના બાયસેગ ખાતે દાસ સાયન્ટિફિક રિસર્ચ લેબ્સ દ્વારા નિ:શુલ્ક "મેથેમેટિક્સ વર્કશોપ ઓન કેલક્યુલસ ઈન એમએસ એક્સેલ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ આગામી તા.૨૪ મે, ૨૦૨૨, મંગળવારે સવારે ૧૧થી સાજંના ૬ વાગ્યા દરમ્યાન યોજાશે જેમાં ઓએનજીસીના નિવૃત્ત અધિકારી અને જાણિતા દાસ એસઆરએલ સ્ટાર્ટ અપના પ્રણેતા ગણિતજ્ઞ ચંચલ દાસ દ્વારા એમએસ એક્સલના માધ્યમથી તમામ પ્રકારના ગાણિતિક કોયડાઓ અને પ્રશ્નોને ખુબજ સરળતાથી ઉકેલવાની પધ્ધતિઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવશે. એકવીસમી સદીમાં



બાળકોને સરળતાથી ગણિત શીખવાડવાનો હેતુથી શિક્ષકો તથા પ્રાધ્યાપકોને તૈયાર કરવા આયોજિત કરવામાં આવેલા આ વર્કશોપમાં અનેક ગણિત રસિકો તેમજ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે તેમજ સમગ્ર વર્કશોપમાં ઓફલાઈન ઉપરાંત ઓનલાઈન પણ વિના મૂલ્યે સામેલ થઈ શકાશે. અત્યારે ચાલી રહેલા ઉનાળુ વેકેશનના સમયમાં ગણિત નિષ્ણાંત ચંચલ દાસનો આ નિ:શુલ્ક એકદિવસીય વર્કશોપ ગણિતને સારી રીતે શીખવા માંગતા વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. આ વર્કશોપ અંગે વધુ વિગત માટે ચંચલ દાસ સરનો મો. નં. ૮૩૨૦૧ ૭૨૭૮૭ પર સંપર્ક સાધી શકાશે તેવું તેમણે જણાવ્યું હતું.

# ટેકાના ભાવે તુવેર ખરીદીનો સમય ૩૦ મે સુધી લંબાવાયો

રાજ્યના કેટલાક વિસ્તારોમાં તુવેર પાકની થતી મોડી વાવણી અને કાપણીના કારણે નોંધાયેલ ખેડૂતો પૈકી કેટલાક ખેડૂતો પોતાની તુવેરનો પાક ટેકાના ભાવે વેચી શક્યા નથી. જેને ધ્યાને લઈને તુવેરની ટેકાના ભાવે ખરીદીનો સમયગાળો ૧૫ દિવસ લંબાવવા ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ટેકાના ભાવે તુવેર ખરીદીનો સમયગાળો આગામી તા. ૩૦ મે-૨૦૨૨ સુધી લંબાવવામાં આવ્યો છે જેનો મહત્તમ ખેડૂતોને લાભ મળશે તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૧-૨૨માં ભારત સરકાર દ્વારા તુવેર માટે રૂ. ૬,૩૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ તુવેરની ટેકાના ભાવે ખરીદી અન્વયે કુલ ૧૮,૫૩૫ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

# બંદૂક લાઈસન્સમાં ગેરરીતિના આરોપ મુદ્દે ગુજરાત કેડરના આઈએએસની ઓફિસ-ઘર પર દરોડા

### ઓપરેશન ગાંધીનગર, સુરેન્દ્રનગર, સુરત, અધિકારીના ગૃહ રાજ્ય આંધ્રપ્રદેશમાં એક સાથે હાથ ધરવામાં આવ્યું

(એસએસએસ)અમદાવાદ, તા.૨૦

સીબીઆઈ દ્વારા ૨૦૧૧ની બેચના ગુજરાત કેડરના આઈએએસ અધિકારી કે. રાજેશની ઓફિસ અને તેમના નિવાસ સ્થાને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જાણવા મળ્યા મુજબ બંદૂક લાઈસન્સમાં ગેરરીતિના આરોપ મુદ્દે દિલ્હી સીબીઆઈમાં એફઆઈઆર થયા બાદ ગુજરાતમાં મોડી રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઓપરેશન ગાંધીનગર, સુરેન્દ્રનગર, સુરત અને અધિકારીના ગૃહ રાજ્ય આંધ્રપ્રદેશમાં એક સાથે હાથ ધરવામાં આવ્યું હતું. સીબીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે તપાસ એજન્સીના દિલ્હી યુનિટ દ્વારા અધિકારી વિરૂદ્ધ ભ્રષ્ટાચારનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

સીબીઆઈના સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે સૌરાષ્ટ્રમાં કલેકટર તરીકેની નિયુક્તિ દરમિયાન આ અધિકારીનો કાર્યકાળ ખૂબ જ કલંકિત રહ્યો હતો. સૌરાષ્ટ્રમાં તેમના કાર્યકાળ દરમિયાન તેમની સામે ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો મળી હતી. તેમની ગૃહ વિભાગમાંથી પણ બદલી કરવામાં આવી હતી કારણ કે, ગૃહ વિભાગ હેઠળ આવતા છઝઝ દ્વારા તેમની વિરૂદ્ધ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. એડિશનલ ચીફ સેક્રેટરી રેક્ના નિવૃત્ત અધિકારી દ્વારા તેમની સામે પહેલેથી જ ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે.

સીબીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું કે, અધિકારી પર જમીનના શંકાસ્પદ સોદામાં હાથ હોવાનો અને લાંચ લીધા બાદ હથિયારનું લાઈસન્સ આપવાનો આરોપ છે. આ તમામ પ્રાથમિક માહિતીને ધ્યાનમાં લીધા બાદ ગુરૂવારે સીબીઆઈના દિલ્હી યુનિટમાં કે. રાજેશ વિરૂદ્ધ ક્ષ્ઙ્ઘૈંઇ નોંધવામાં આવી હતી.

સીબીઆઈના દિલ્હી યુનિટની એન્ટી કરપ્શન વિંગની એક ટીમ ગુરૂવારે સવારે ગાંધીનગર આવી પહોંચી હતી અને ગાંધીનગર સ્થિત સીબીઆઈ અધિકારીઓની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.

આ જ પ્રકારે સીબીઆઈની ટીમોને આંધ્રપ્રદેશમાં અધિકારીના વતન મોકલવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, 'અમને જાણવા મળ્યું છે કે કેટલાક સામાન્ય નાગરિકો પણ ભ્રષ્ટાચારના કૃત્યોમાં સામેલ હતા. અમે સૌરાષ્ટ્રમાં આઈએએસ અધિકારીના કાર્યકાળ દરમિયાન થયેલા જમીનોના સોદાઓની વિગતો તપાસીશું.' તપાસમાં કેટલાક સામાન્ય નાગરિકોની સંડોવણી પણ બહાર આવશે જેમણે આઈએએસ અધિકારી સાથે હાથ મિલાવ્યા હતા અને તેમના ખાસ કરીને સૌરાષ્ટ્રમાં કલેકટર તરીકેના કાર્યકાળ દરમિયાન જમીનોના શંકાસ્પદ સોદાઓથી લાભ મેળવ્યો હતો. સર્ચ ઓપરેશન અને તેના ખુલાસા અંગે સીબીઆઈ તરફથી આજે સત્તાવાર નિવેદન આવે તેવી શક્યતા છે. અધિકારીઓ એવા દસ્તાવેજો શોધી રહ્યા છે જે કે. રાજેશના વ્યવહારો પર વધુ પ્રકાશ ફેંકે.

# કોંગ્રેસને ગુજરાત વિરોધી ચિતરવી યોગ્ય નથી : મેવાણી

### હાર્દિક ગરીમાપૂર્વક રાજીનામું આપી શકે તેમ હતો : જિજ્ઞેશ મેવાણીના પ્રહાર

અમદાવાદ, તા.૨૦

હાર્દિક પટેલે કોંગ્રેસ છોડ્યા બાદ પક્ષ પર કરેલા આક્ષેપોનો વડગામના ધારાસભ્ય અને કોંગ્રેસના નેતા જિજ્ઞેશ મેવાણીએ સણસણતો જવાબ આપ્યો છે. આજે અમદાવાદમાં એક પ્રેસ કોન્ફરન્સ સંબોધતા મેવાણીએ હાર્દિકે કરેલા નિવેદનો પર સવાલ ઉઠાવતા કહ્યું હતુ કે જો તેને પક્ષ છોડવો જ હતો તો તે ગરીમાપૂર્વક રાજીનામું આપી શકે તેમ હતો, તેમાં વળી ચિકન સેન્ડવિચને વચ્ચે લાવવાની ક્યાં જરુર હતી? મેવાણીએ એમ પણ કહ્યું હતું કે સરકારે મોટું મન રાખીને પાટીદારોને અનામત આપ્યું તેવું કહેનારો હાર્દિક એ વાત ભૂલી રહ્યો છે કે તેના માટે પાટીદારોએ પોતાના ૧૪ યુવાનોને ગુમાવ્યા, માતા-બહેનોએ પોલીસના ડંડા ખાધા અને ભરતડકામાં સમાજના લોકોએ કેવી રેલીઓ કરી હતી.

હાર્દિકનો રાજીનામાંનો પત્ર તેમજ ત્યારબાદ તેણે આપેલા નિવેદનો કમલમમાં લખાયા હોવાનું જણાવી જિજ્ઞેશે એમ પણ કહ્યું હતું કે પક્ષ સામે કોઈ વાંધો થયો હોઈ શકે, પરંતુ કોંગ્રેસને ગુજરાત વિરોધી કે દેશદ્રોહી ચિતરવી યોગ્ય નથી.

હાર્દિકને માત્ર ૨૭ વર્ષની નાની વયે કાર્યકારી અધ્યક્ષ બનાવવાની સાથે મોટું સ્ટેજ આપ્યું, સ્ટાર કેમ્પેઈનર બનાવ્યો, હેલિકોપ્ટર આપી રાજ્યોમાં પ્રચાર કરવાની જવાબદારી સોંપી હતી. તેમ છતાંય એકાદ નાની માગણી ના સંતોષાય અને પક્ષ છોડવો જ હોય તો પ્રેમથી છોડી શકાય તેમ હતો.

અલ્પેશ ઠાકોરે પણ કોંગ્રેસ છોડી હતી, પરંતુ તેમણે ગરીમાપૂર્ણ રીતે પક્ષમાંથી રાજીનામું આપ્યું હતુ અને અયોગ્ય ભાષાનો ઉપયોગ પણ નથી કર્યો. પક્ષ છોડ્યા બાદ હાર્દિકે કરેલી પ્રેસ કોન્ફરન્સમાં અદાણી અને અંબાણી અંગે કરેલા નિવેદન અંગે મેવાણીએ કહ્યું હતુ કે અચાનક હાર્દિકને તેમના પ્રત્યે પ્રેમ કેમ ઉભરાઈ રહ્યો છે? તેવો સવાલ પણ મેવાણીએ ઉઠાવ્યો હતો.